## **વિરમગામ નાં મહે. એડી. જ્યુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. વિરમગામ**

**ફોજદારી કેસ નંબર : ૨૪૦૯ /૨૦૨**૫
**આંક – ૦૫**

**શ્રી સરકાર** ..... **ફરીયાદી**

**વિરુધ્ધ**

**આરીફભાઈ આદમભાઈ વોરા** ..... **આરોપી**
રહે. સોકલી ગામ, તા. વિરમગામ જિ. અમદાવાદ

**ગુન્હો :** **<u>બી.એન.એસ. કલમ ૨૨૩ મુજબ</u>**

## **<u>ઠરાવ</u>**

(૧) ફરીયાદપક્ષનાં આક્ષેપ મુજબ આ કામના આરોપીએ તા. ૨૨ / ૦૮ / ૨૦૨૫ ના રોજ કલાક ૧૫–૨૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે મોજે સોકલી ગામ તા. વિરમગામ ખાતે આવેલ પોતા ની ઓરડી ભાડે આપી તેનો ભાડા કરાર નહી કરી પોલીસને જાણ નહી કરી મહે. અધિક જીલ્લા મેજી. શ્રી અમદાવાદના જાહેરનામા પત્ર નં. ડીસી/પીઓએલ/એમએજી/મકાનભાડે/એસ.આર.–૧૫૦/૨૦૨૫ તા. ૧૯/૦૮/૨૫ ના જાહેરનામાનો ભંગ કરી **<u>બી.એન.એસ. કલમ ૨૨૩</u>** મુજબ નો ગુન્હો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થીત થતા, આરોપીને પોલીસ પેપરોની નકલો આપ્યા બાદ આરોપીએ પોતાનો ગુન્હો કબુલ છે, તેવી પુરસીસ રજુ કરતા અદાલતે તમો ગુનો કબુલ કરવા બંધાયેલ નથી છતા પણ જો ગુનો કબુલ કરશે તો તેને મહત્તમ સજા થઈ શકશે તેવી સમજ આપેલ. ઉપરોકત સ્પષ્ટ સમજ આપ્યા બાદ આરોપીની **આંક– ૦૩** થી **પ્લી** નોંધવામાં આવી તથા આરોપી **આંક ૦૪** થી રજુ ગુના **કબૂલાત પુરસીસ** મા પણ આરોપીએ ગુન્હાની કબુલાત આપી ઉપરોકત કબુલાત સ્વેચ્છાપુર્વક આપેલ છે.

(૩) આરોપીએ ગુનાની કબુલાત સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકિત કરેલ હોય પોતાને અહેસાસ થયાનું જણાવેલ હોય, તેમજ ભવીષ્યમાં આવા પ્રકારનો ગુનો કરશે નહી તેવી નામદાર કોર્ટને બાંહેધરી આપી આ પોતાનો પ્રથમ જ ગુનો હોય યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે. આ કામનાં આરોપી ગુન્હાનો એકરાર કરેલ હોય આરોપીને સજા કરવી જોઇએ તેમ હું માનું છું પરંતુ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા આરોપીની સામેના ગુનાનો તેમજ રજુઆતને લક્ષમાં લેતા ન્યાયનાં હીતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

આ કામના આરોપી **આરીફભાઇ આદમભાઇ વોરા રહે. સોકલી ગામ, તા. વિરમગામ જિ. અમદાવાદ** ને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૫ અન્વયે **બી.એન.એસ. કલમ ૨૨૩** મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવી **રૂા. ૨૦૦/- અંકે રૂપિયા બસો પુરા નો દંડ** તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે, અને દંડ ભરવામાં કસુર કરે તો વધુ દિન - ૦૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ:-૧૩ મી, માહે: સપ્ટેમ્બર સને:- ૨૦૨૫ નાં રોજ રાખવામા આવેલ સ્પેશ્યલ સીટીંગમા વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ:-વિરમગામ.
તા. 13-09-2025.

(કીર્તિ શર્મા)
સ્પેશ્યલ સીટીંગ મેજીસ્ટ્રેટ તથા
એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, વિરમગામ.
( GJ01721)